રજૂ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૨/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૦.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૬/૨૦૨૬.**

**અરજદાર :–** **દિપકભાઈ અંબુભાઈ નિકુમ,**
રહેવાસી : ગીરનાર ફળીયું, કારેલી,
તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી પી. આઈ. જોધપુરીયા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, બારડોલી રૂરલ પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૭૦૨૫૦૦૩૦/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે અરજદારને

અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. સહઆરોપીના નિવેદનના આધારે અરજદારને સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. અરજદારની સ્થળ ઉપર હાજરી જણાઇ આવતી નથી. અરજદાર પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. જે ગાડીમાંથી મુદ્દામાલ મળી આવેલ તે ગાડી અરજદારની માલિકીની નથી. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હવે કોઇ મુદ્દામાલ રીકવર કરવાનો રહેતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. સહઆરોપી વિષ્ણુરામ બિશ્નોઇને જામીન મુકત કરવામાં આવેલ હોવાથી અરજદારને પેરિટીના સિદ્ધાંતનો લાભ મળવાપાત્ર થાય છે. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર વેપાર કરે છે. અરજદાર ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે સહઆરોપી વિષ્ણુરામ બિશ્નોઇના કબજાના

ટેમ્પામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, બીયરના ટીન નંગ–૧,૫૩૬, કિંમત રૂ.૧,૬૪,૦૧૬/– નો મુદ્ધામાલ મળી આવેલ. સદર જથ્થો હાલના અરજદારે મંગાવેલ હતો. આમ, હાલના અરજદારે મુદ્ધામાલ દારૂનો જથ્થો મંગાવી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસો મોતા ગામના બસ સ્ટેન્ડ પાસે વોચમાં હતા ત્યારે બાતમી મુજબનો ટેમ્પો લઇને સહઆરોપી વિષ્ણુરામ બિશ્નોઇનાઓ આવતાં તેઓને રોકવામાં આવેલા અને તેઓની સાથેનો એક ઇસમ ભાગી ગયેલ. સદર ટેમ્પામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, બીયરના ટીન નંગ–૧,૫૩૬, કિંમત રૂ.૧,૬૪,૦૧૬/– નો મુદ્ધામાલ મળી આવેલ. સદર જથ્થો ભરેલ ટેમ્પો સહઆરોપી રામકિશોર શર્માએ સહઆરોપી વિષ્ણુરામ બિશ્નોઇને આપેલ હતો અને આ જથ્થો હાલના અરજદારે મંગાવેલ હતો. આમ, અરજદાર સામે મુદ્ધામાલ દારૂનો જથ્થો મંગાવવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપી પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઇ આવતું નથી. આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે. અરજદાર સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઇ આવે છે, પરંતુ અરજદારને

સખ્ત શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે. સદર ગુનાના સહઆરોપી વિષ્ણુરામ બિશ્નોઇને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે. જામીન ઉપર મુકત થયેલા ઉપરોકત સહઆરોપી કરતાં હાલના અરજદારની ગુનાના કામની ભૂમિકા વધુ ગંભીર હોય તેમ જણાઇ આવતું નથી, જેથી અરજદારને પેરિટીના સિદ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઈ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઈ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/આરોપી દિપકભાઇ અંબુભાઇ નિકુમની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૬/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) બારડોલી રૂરલ પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૭૦૨૫૦૦૩૦/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે આરોપી રૂ.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594